# <u>*અમદાવાદના મહે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદ.*</u>

**ફોજદારી કેસ નંબર :– ૭૮૭૬૫/ ૨૦૨૩.**
**આંક :–**

**<u>ફરીયાદી</u>** :– શ્રી સરકાર

<u>વિ રૂ ધ્ધ</u>

**<u>આરોપી</u>** :– રામદેવ જયપાલ મોર્ય

**<u>ગુન્હો :– આઈ.પી.સી. કલમ–૧૮૮ તથા જી.પી.એકટની કલમ–૧૩૧ મુજબ.</u>**

૧). આ કામના હાલના આરોપી વિરૂધ્ધમાં **આઈ.પી.સી. કલમ–૧૮૮ તથા જી.પી.એકટની કલમ–૧૩૧** મુજબનો ગુનો દાખલ છે. આ આરોપી વિરૂધ્ધ એવો આક્ષેપ છે કે, આરોપીએ બનાવની તારીખે, સમયે અને સ્થળે પોલીસ કમિશ્નરના જાહેરનામાનો ભંગ કરેલ છે. આથી આરોપી સામે હાલનું **આઈ.પી.સી. કલમ–૧૮૮ તથા જી.પી.એકટની કલમ–૧૩૧** મુજબના ગુનાનું ચાર્જશીટ પોલીસે કરેલ છે. તેને ફોજદારી કેસ રજીસ્ટરે લઈ કોગ્નીજન્સ લેવામાં આવેલ છે.

૨). આરોપી આજરોજ હાજર થઈ ગુનાની કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીને સમજાવવામાં આવે છે કે, તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી અને જો ગુનો કબુલ કરશે તો પુરસીસનો ઉપયોગ તેમની વિરૂધ્ધમાં પુરાવા તરીકે કરી યોગ્ય તે સજા અંગે હુકમ કરવામાં આવશે. ત્યારબાદ આરોપીએ ગુનો કરેલ છે. જેથી આરોપીની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. આરોપીને તહોમત સંભળાવી પ્લી રેકર્ડ કરતાં તેમાં પણ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આથી આરોપીને ચાર્જશીટ મુજબના ગુના અંગે દોષિત ઠરાવવામાં આવે છે.

૩). આરોપીને સજા બાબતે પૂછતાં આરોપી જણાવે છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે અને ગુના બદલ તેમને પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં આવા પ્રકારનો કોઈ ગુનો કરશે નહી. અગાઉ આવો ગુનો કરેલ નથી, જેથી તેમના ઉપર દયા રાખવા અરજ ગુજારે છે.

૪). આરોપીની રજુઆત ઘ્યાને લીધી, ગુનાનો પ્રકાર અને સજાની જોગવાઈ ઘ્યાને લીધી. તે હકીકત છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે અને અગાઉ આવા પ્રકારનો કોઈ ગુનો કરેલ નથી અને ગુના બદલ આરોપી પસ્તાવો વ્યકત કરે છે. આમ, આ તમામ હકીકત ઘ્યાને લેતાં આરોપીને વધુ સજા નહી કરતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>'' હુ ક મ ''</u>**

આરોપીને **આઈ.પી.સી. કલમ–૧૮૮ તથા જી.પી.એકટની કલમ–૧૩૧** ના ગુના માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે સજામાં રૂા.૪૦૦/– (અંકેરૂપિયા ચારસો) પુરાનો દંડ કરવામાં આવે છે, જો દંડ ન ભરે તો દિવસ–૫ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૦૯/૦૯/૨૦૨૩.
અમદાવાદ.

**(એચ. એસ. દવે)**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
કોડ નં. જીજે૦૦૬૯૩.